પંખીની આવજાવ નથી, શું કરી શકું?
હું વૃક્ષ કે તળાવ નથી, શું કરી શકું?

જોયા કર્યા છે દૂરથી સૌ છાંયડાને મેં,
એક્કેયમાં પડાવ નથી, શું કરી શકું?

એની બધી કુટેવને જાણી ગયો છતાં
ઓછો થતો લગાવ નથી, શું કરી શકું?

આવે નહીં વળાંક તો ગભરાઈ જાઉં છું,
સીધો સરળ સ્વભાવ નથી, શું કરી શકું?

માટે જ સાથ એનો નિભાવ્યા કર્યો છે મેં,
ઝઘડો કે અણબનાવ નથી, શું કરી શકું?

કહેતા હતા એ રોજ કે થોડો તો પ્રેમ છે,
આજે કહ્યું કે સાવ નથી, શું કરી શકું?

એક જ ઉપાય છે હવે, દરિયાને કરગરું!
મારા કહ્યામાં નાવ નથી, શું કરી શકું?

ભલે કાયા અને કપડાં ઉપરથી ધૂળ ખંખેરો,
કળા જો હોય, પડછાયા ઉપરથી ધૂળ ખંખેરો.

અધૂરી રહી ગયેલી કોઈની ઇચ્છાય વંચાશે,
મળ્યો રસ્તેથી એ સિક્કા ઉપરથી ધૂળ ખંખેરો.

અમે બારી વગરના ઘરમાં પણ વર્ષો જીવી જઈશું,
ફક્ત આકાશના ફોટા ઉપરથી ધૂળ ખંખેરો.

થશે ચલચિત્ર ચાલુ ને અમે બેસી રહીશું બહાર,
અમારું કામ છે પડદા ઉપરથી ધૂળ ખંખેરો.

ફરીથી ચિત્ત ને ચ્હેરા ઉપર આવી જશે રોનક,
પ્રણયના એક-બે કિસ્સા ઉપરથી ધૂળ ખંખેરો.

વિતાવ્યું રણ છતાં રણ સાથે લઈને ક્યાં સુધી ફરશો ?
હવે પાંપણ અને ચશ્માં ઉપરથી ધૂળ ખંખેરો.

મળી છે કોઈના રૂમાલમાં ખુશ્બૂ નવી આજે,
ફરીથી આપણે શંકા ઉપરથી ધૂળ ખંખેરો.

કશું ન્હોતું અને અંતે કશું રહેશે નહીં બાકી,
જીવન છે ધૂળનાં ઢેફાં ઉપરથી ધૂળ ખંખેરો.

કળા કરવી તો ન્હોતી પણ કળા કરવી પડી અંતે,
કહ્યું છે કોઈએ પીંછા ઉપરથી ધૂળ ખંખેરો.

બને એવું કે એ જોઈ શકે ઘરની ખરી હાલત,
ચલો ભગવાનના ફોટા ઉપરથી ધૂળ ખંખેરો.

જરૂરી છે જ નહીં કે એમનાં પગલાં ઉપર ચાલો,
ઘણું જો એમનાં પગલાં ઉપરથી ધૂળ ખંખેરો.

પધારો જળ રૂપે ભગવાન, પધારો અન્ન રૂપે દેવ,
વલખતાં જીવનાં જડબાં ઉપરથી ધૂળ ખંખેરો.

ગયું છો ધૂળમાં જીવન, મરણ તો સ્વચ્છ જોઈએ,
દુપટ્ટો ઝાટકો, પંખા ઉપરથી ધૂળ ખંખેરો.

વસ્તી, બજાર, ચોક, ગલી અંધકાર છે,
છે નામની સવાર હજી અંધકાર છે.

કોઈનું સ્થાન કોઈ દી ખાલી રહે છે ક્યાં?
જો તું નથી તો તારા વતી અંધકાર છે.

ટીપે ટીપે તળાવ ભરાયું છે આપણું,
ક્ષણ ક્ષણ કરીને એક સદી અંધકાર છે.

સંતાડવાનો અર્થ નથી કોઈથી હવે,
ખુલ્લી મૂકો કે ઢાંકો છબી, અંધકાર છે.

ઊઠ્યો હતો સવાલ કે છે ઓરડામાં કોણ?
ક્યાંથી કહું કે કોઈ નથી, અંધકાર છે.

અજવાસ જોઈ સ્હેજ હરખ વ્યક્ત જો કર્યો,
દીવા તળેથી ચીસ પડી અંધકાર છે.

બે વાત સારી થાય તો વર્તાય રોશની,
થોડું વધારે બેસ સખી અંધકાર છે.

રસ્તામાં સ્વર્ગના ઘણા સામા મળ્યા હતા,
ના કોઈએ કહ્યું કે અહીં અંધકાર છે.

પકડીને મારો હાથ સડક પાર લઈ ગયો,
મેં અંધને જો જાણ કરી અંધકાર છે.

માટે ચબરખી વાંચતાં વર્ષો વીતી ગયાં,
પ્રત્યેક શબ્દ શબ્દ પછી અંધકાર છે!

દૃષ્ટિની જેમ કામ કરે ટેરવાનો સ્પર્શ,
પ્રોવી શકાય મોતી સતી અંધકાર છે.

આંખો મળી પણ આંખનો ઉપયોગ ના થયો,
આખી ગુફામાં છેક લગી અંધકાર છે.

એ ખોટી દિશામાં વળે તો જીવ બળે છે,
ને જેને ને તેને મળે તો જીવ બળે છે.

મસ્તક અને મરજી તો છે એનાં જ છતાં પણ -
કમજોર ખભા પર ઢળે તો જીવ બળે છે.

કેવી રીતે જોઈ શકું ઓગળતી પ્રતિભા?
અહીંયાં તો બરફ ઓગળે તો જીવ બળે છે.

આ કારણે વહેવા દીધાં છે આંસુ વહ્યાં તો,
જો રક્તમાં પાણી ભળે તો જીવ બળે છે.

એવી રીતે જડમૂળથી બદલાય છે ઇચ્છા,
ક્યારેક તો ઇચ્છા ફળે તો જીવ બળે છે.

દુઃખ, દર્દ, ઉદાસીથી હું ઇચ્છું એ રહે દૂર,
એ મારી ગઝલ સાંભળે તો જીવ બળે છે.

દીવાલ બની જાય તો વાંધો જ નથી કંઈ,
પડદો બની પાંપણ છળે તો જીવ બળે છે.

શ્વાસોને ધુમાડાની હવે ટેવ પડી ગઈ,
ક્યારેક કશું ના બળે તો જીવ બળે છે.

ઉતાવળ કરી ફાંસીએ ના ચઢાવો!
પ્રથમ આત્મહત્યાની ચિઠ્ઠી લખાવો.

નવા કંઈક શૈતાન જોવા પડ્યા ને!
કહ્યું કોણે કે આયનો ખટખટાવો?

અહીં કોઈને કોઈની ક્યાં પડી છે?
શું ઓળખ બતાવો? શું ઓળખ છુપાવો?

મને એના અજવાશે બાંધી દીધો છે,
કોઈ આવીને મીણબત્તી બુઝાવો.

નહીં કામ લાગે કોઈ હોશિયારી,
આ જીવન છે ફાવી શકો તો જ ફાવો.

દુ:ખી શત્રુઓને મળે દુખમાં રાહત,
અહીંનાં દુ:ખોની ખબર મોકલાવો.

ગઝલ કે ભજનથીય ભડકી શકે છે,
સતત સાંભળે છે જે કાપો-બચાવો.

બિચારાની આંખોથી આંસુ વહે છે!
ખભે હાથ મૂકો ને ફોટો પડાવો.

હું શબ્દોના દાણાને ફેંકી રહ્યો છું,
ગણીને કહો વેણ છે કે વધાવો.

રીતસરની કોઈને માયા લગાડી કોઈએ,
આ તરફ નહીં જોઈને માયા લગાડી કોઈએ.

એ જ માળા આજ થોડી ખાસ લાગે છે મને,
ભિન્ન મણકો પ્રોઈને માયા લગાડી કોઈએ.

માત્ર ભેટ્યા હોત તો ના થાત બહુ ઊંડી અસર,
આ ખભા પર રોઈને માયા લગાડી કોઈએ.

ડાઘ ધોવા જ્યાં બધા ભેગા થતા'તા એ સ્થળે,
સ્વચ્છ પહેરણ ધોઈને માયા લગાડી કોઈએ.

ભાન ભૂલી નાચનારા ધ્યાન ખેંચે એ રીતે,
સાન સમજણ ખોઈને માયા લગાડી કોઈએ.

એક-બે પાગલ તો અહીંયાં સૌના ભાગે હોય છે,
કોઈને ને કોઈને માયા લગાડી કોઈએ.

છે ખબર સૌને કે માયા પાંખ પરનો ભાર છે,
તોય જાણી જોઈને માયા લગાડી કોઈએ.

મને પાગલ બનાવી મારવા જેવો હતો,
હજી થોડો વધારે ચાહવા જેવો હતો.

બધી વાતે ખુલાસો ટાળવા જેવો હતો,
સમજદારીને મોકો આપવા જેવો હતો.

તમારી આંખમાં વાંચી ગયા બીજા બધા,
એ કાગળ ખાનગીમાં વાંચવા જેવો હતો.

હું માનું છું, બહુ ખોટું થયું, છુટ્ટા પડ્યા,
એ માને છે કે છેડો ફાડવા જેવો હતો.

હતો પાતાળને લાયક, મળ્યું આકાશ છે,
ઉછાળ્યો છે જે કિસ્સો દાટવા જેવો હતો.

તમે ભગવાનની તસવીર ટાંગી ભીંત પર?
તમારે તો અરીસો ટાંગવા જેવો હતો.

ન ફરક્યું સ્મિત ને ફરક્યું તો લાંબું ના ટક્યું,
ઉદાસી પર ભરોસો રાખવા જેવો હતો.

અમુકને તેડવા મજધારમાં પહોંચી ગયો!
કિનારાને કિનારે બાંધવા જેવો હતો.

ઊઠ્યો પડદો અને નાટક થયું એવું શરૂ,
હવે લાગે છે પડદો માણવા જેવો હતો.

ઊડતો એક તિખારો મને બોલાવે છે,
હું સમજતો કે સિતારો મને બોલાવે છે.

એ તરફ દોડવા ઉત્સાહ તો આવે ક્યાંથી?
શુષ્ક, બેરંગ ઠઠારો મને બોલાવે છે.

એક પ્યાલાને હવે મારું વ્યસન લાગ્યું છે,
સાંજ પડતાં જ બિચારો મને બોલાવે છે.

આ થવાનું જ હતું, મિત્રની એ લાશ હતી,
બંધ આંખોનો ઇશારો મને બોલાવે છે.

ચંદ્ર ન્હાવાને સરોવરમાં પડે છે ત્યારે,
એ સરોવરનો કિનારો મને બોલાવે છે.

એટલે એક મુસીબતને મેં પકડી રાખી,
એક છોડું તો હજારો મને બોલાવે છે.

સૌ તો કહેતા મને ક્યારેય એ નહીં બોલાવે,
સૌ હવે ભૂલ સુધારો, મને બોલાવે છે.

સુશોભિત, બેફિકર કે હસતો ચ્હેરો, કામ ના આવ્યો,
ઉદાસી ઢાંકવા એક્કેય પડદો કામ ના આવ્યો.

ધુમાડો થઈ જવાની આખરી ઇચ્છા અધૂરી રહી,
હતો એક જ અને એ એક તણખો કામ ના આવ્યો.

તમે જડતા ગણી પણ આ જ તો ઉપલબ્ધિ છે એની,
કદી એની ઉપર ધબ્બો કે ધક્કો કામ ના આવ્યો.

ફરી આજે વિતાવી સાંજ ઉંબર પર પ્રતીક્ષામાં,
ન દીવા કામમાં આવ્યા કે ગજરો કામ ના આવ્યો.

હવા પાલવની મળશે તો જ ગભરામણ થશે ઓછી,
ચલાવ્યો પાંચ ઉપર તોય પંખો કામ ના આવ્યો.

બજારે પહોંચવામાં એ હદે મોડું કર્યું છે મેં,
વધી ગઈ એટલી કિંમત કે સિક્કો કામ ના આવ્યો.

કબૂલી ના શકાયું કે હતી શણગારમાં ખામી,
પછી આરોપ મૂક્યો કે અરીસો કામ ના આવ્યો.

ભર્યાં મેં એકસો ને આઠ પગલાં છું છતાં પણ ત્યાં જ,
સમાધિ પામવા એક્કેય મણકો કામ ના આવ્યો.

ઉખાડી હાથના ખિલ્લા મને નીચે ઉતાર્યો છે,
હતો તરસ્યો, મળ્યું પાણી ને ખોબો કામ ના આવ્યો.

અપેક્ષિત છે કે તું આપે હવે એકાદ ઊંડો ઘા,
તને ધિક્કારવા માટે ઉઝરડો કામ ના આવ્યો.

બુઝાવો નહીં, ઠરી જઈશું, તમે થોડો સમય આપો,
અમે જાતે મરી જઈશું, તમે થોડો સમય આપો.

ખબર છે કેટલું – ક્યારે અહીં ડરવું જરૂરી છે,
સમયસર થરથરી જઈશું, તમે થોડો સમય આપો.

ખુશામતની, ન પૂજાની, છે ઇચ્છા માત્ર દર્શનની,
પછી પાછા ફરી જઈશું, તમે થોડો સમય આપો.

ઘણાં વર્ષો પછી તરફેણનો વરસાદ આવ્યો છે,
અમે પણ પાંગરી જઈશું, તમે થોડો સમય આપો.

બિછાવી ફૂલ કે જાજમ અમે છટકી નહીં જઈએ,
હયાતી પાથરી જઈશું તમે થોડો સમય આપો.

ટકી જઈશું હશે જે ભાગ્યમાં એનો સહારો લઈ,
ધુમાડો વાપરી જઈશું, તમે થોડો સમય આપો.

અમે મોજાં, સતત અથડાઈને તૂટી જઈશું પણ-
ખડકને કોતરી જઈશું, તમે થોડો સમય આપો.

ભલે દેખાય છે આખો, છતાં સમજો અધૂરો છે,
જો પાછળ કંઈ જ પણ ના હોય તો પડદો અધૂરો છે.

બધી ગરમી નકામી છે અને તડકો અધૂરો છે,
કશું સળગે નહીં તો સૂર્યનો ઠસ્સો અધૂરો છે.

તમે મારા ઘરે આવ્યા છો આજે કેમ? જાણું છું,
જવું આગળ હતું પણ શું કરો? રસ્તો અધૂરો છે.

અચાનક કંઈ જ પણ બોલ્યા વગર ચાલ્યા ગયા એ દૂર,
અને હું એ જ ભ્રમણામાં રહ્યો, ઝઘડો અધૂરો છે.

એ ભોળા માણસો ખુશ ના રહે તો શું કરે બીજું?
જીવનની વાસ્તવિકતાનો મળ્યો પરચો અધૂરો છે.

એની ફિકર નથી, મને લાફો પડી ગયો,
ચિંતા છે એના હાથમાં ડાઘો પડી ગયો.

એનું સ્મરણ સમય જતાં ઝાંખું પડી ગયું!
આરસનો મ્હેલ આખરે કાળો પડી ગયો.

ગ્રાહકને એમ હું જ છું માલિક દુકાનનો,
મારા ખભા ઉપરથી જો ગાભો પડી ગયો.

આ કારણે જ મોડું થયું આવતાં અહીં,
રસ્તામાં કંઈક વાર ઇરાદો પડી ગયો.

જે શેર બહાર લાવતાં જામી ગયું છે રક્ત,
શ્રોતાને એ જ શેરમાં જામો પડી ગયો.

એનાં ચરણમાં શું હતું જે ખેંચતું હતું?
નમવા ગયો જરાક એ આખો પડી ગયો.

લેવા સમાધિ બહાર કશે ના જવું પડ્યું,
સારું થયું કે પેટમાં ખાડો પડી ગયો.

તેં અગર ચેતવ્યું સમયસર હોત,
ક્યાંક ઊડી ગયું કબૂતર હોત.

માત્ર મારા તરફથી શક્ય બન્યું,
કાશ એ ભેટવું પરસ્પર હોત.

રોજ ચહેરે સજાવવું ન પડત,
સ્મિત ક્યારેક મનની અંદર હોત!

એ જ થઈ જાત આશરો મારો,
ક્યાંક તારા સ્મરણનું જો ઘર હોત.

આજીવન પ્રેમ તો ટકે ક્યાંથી?
મિત્રતા હોત તો જીવનભર હોત.

ભીંત તોડી થવું હતું આઝાદ,
ભીંત શ્વાસોની થોડી જર્જર હોત.

ભોગવી હોત જો ફકીરાઈ,
શબ્દ થોડા ઘણા તવંગર હોત.

મને એટલે વાર થઈ પહોંચવામાં,
સમય મેં બગાડ્યો, સમય શોધવામાં.

ચણી ભીંત તેં તો મેં દીવા કર્યા છે,
એ ઉપયોગી થઈ છે હવા રોકવામાં.

મજા એકસરખી તો તરવામાં નહોતી,
હતી એકસરખી મજા ડૂબવામાં.

છે આભાર કે દૂર મારાથી રહીને,
કરે છે મદદ તું, તને ભૂલવામાં.

ફક્ત આ જ કારણ સલામત રહ્યું વૃક્ષ,
હું તૂટી ગયો, પાંદડું તોડવામાં.

હવે તો ટકોરાને આવ્યું છે ઘડપણ,
તને વાર થઈ બારણું ખોલવામાં.

અચાનક આ કાગળમાં રણ વિસ્તર્યું ને,
હું નિષ્ફળ ગયો છાંયડો દોરવામાં!

એક ચહેરાની રજૂઆત ખરી વળગી ગઈ,
આયનાનીય વકીલાત ખરી વળગી ગઈ.

તેં ધર્યું મૌન તો એ મૌન મને ઘેરી વળ્યું,
તેં કરી વાત તો એ વાત ખરી વળગી ગઈ.

શું અણીશુદ્ધ રીતે ભેટવા ચાહે છે એ?
એ ઉતારીને ઝવેરાત ખરી વળગી ગઈ!

એકલો ના જ પડ્યો હુંય પછી આજ સુધી,
આખરી એક મુલાકાત ખરી વળગી ગઈ.

આ નવા શ્હેરનો અજવાશ ઘણો નબળો છે,
ભરબપોરેય મને રાત ખરી વળગી ગઈ.

છૂટતાં પહેલાં કરી લે છે એ અપરાધ નવો,
એક કેદીને હવાલાત ખરી વળગી ગઈ.

થઈને હાજર બધા ઊભા છે ઝુકાવી ગરદન,
તારા દરબારની ખેરાત ખરી વળગી ગઈ

આંખ જોઈ ન શકી કોઈ નવાં દશ્યોને,
આંખને સ્વપ્નની ઓકાત ખરી વળગી ગઈ.

એક પથરાળ, દિશા શૂન્ય ને બેફામ સડક,
જ્યાં ચરણમાં થયો ઉત્પાત ખરી વળગી ગઈ.

અન્ય તરફ જ્યાં ધ્યાન કર્યું છે,
પોતાનું નુકસાન કર્યું છે.

આવ્યા ને પ્રસ્થાન કર્યું છે,
વચ્ચે કારસ્તાન કર્યું છે.

દરિયાએ તો ચાળા પાડ્યા,
ટીપાંએ તોફાન કર્યું છે.

આજે એને ફૂલો આપી,
ફૂલોનું સન્માન કર્યું છે.

પીંજરની ચોરી કરનારે,
પંખીને બેભાન કર્યું છે.

લાચારીને તું શું જાણે?
તેં તો બસ અહેસાન કર્યું છે.

રમવું છે તો આવ રમી લે,
આ મનને મેદાન કર્યું છે.

અમથું અમથું તરતા રહીને,
પાણીને હેરાન કર્યું છે.

લાચારીનો મંડપ બાંધ્યો,
તોરણ જાજરમાન કર્યું છે.

પડદા પાછળ રહેનારાએ,
ફાવે એ સંધાન કર્યું છે.

આજ ખરેખર સાફ થવાયું,
દર્પણમાં જઈ સ્નાન કર્યું છે.

પ્રોત્સાહન આપી આપી ને,
ઢેફાંને ચટ્ટાન કર્યું છે.